**C.C.No.** 1940/2015.

(Old C.C.No.3059/2014, C.C.No.1245/2008)

| | | |
|---|---|---|
| GJRJ050023372015 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૯/૦૯/૨૦૦૮. |
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૯/૦૯/૨૦૦૮. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૧૭ ૦૬ ૦૨ |

=====================================================

**જેતપુરના મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

=====================================================

**ક્રિમિનલ કેસ નં.૧૯૪૦/૨૦૧૫.**
**આંકઃ-**

**ફરિયાદીઃ-** હરેશભાઈ ગોવિંદભાઈ મકવાણા

ઉ.વ.પુખ્ત, ધંધો.ખેતી/વેપાર,

રહે.ઉમરાળી

તા.જેતપુર જી.રાજકોટ.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ-** અશ્વિનભાઈ ભાણજીભાઈ બારૈયા(ખાંટ)

ઉ.વ.પુખ્ત, મું.બીલખા નવાગામ

તા.બીલખા જી.જુનાગઢ

**C.C.No.** 1940/2015.

(Old C.C.No.3059/2014, C.C.No.1245/2008)

==================================================

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી એલ.બી.જેઠવા

આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી એન.બી.પંડયા

==================================================

==================================================

**ગુનોઃ– ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

==================================================

## // ચુકાદો //

- સદરહું કેસ ફો.કે. નં.૧૨૪૫/૨૦૦૮ સૌપ્રથમ જેતપુર કોર્ટમાં રજીસ્ટર થયેલ હોય ત્યારબાદ પુરોગામી ન્યાયાધીશશ્રીએ સદરહું કેસ અન્યવે આંક–૦૧ નીચે હુકમ કરી પ્રોપ્રર જયુરીડીકશન કોર્ટમાં તા.૧/૧૦/૨૦૧૪ ના રોજ ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવેલ.
- ત્યારબાદ સદરહું કેસ ફો.કે.નં.૩૦૫૯/૨૦૧૪ થી જુનાગઢના ચોથા એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટમાંથી સદરહું કેસ અન્વયે આંક–૦૧ નીચે હુકમ કરી સદરહું ફરીયાદ ફરિયાદીને પરત કરી પ્રોપર જયુરીડીકશન કોર્ટમાં રજુ કરવા હુકમ તા.૩/૯/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ.
- ત્યારબાદ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ સુધારા વિધેયક ૨૦૧૫ અન્વયે અત્રે કોર્ટમાં ટ્રાન્સફર થતાં સદરહું કેસ ફો.કે.નં.૧૯૪૦/૨૦૧૫ તરીકે નામ.જયુડી.મેજી.કોર્ટ જેતપુર મુકામે તા.૧/૧૦/૨૦૧૫ ના રોજ રજીસ્ટર લેવાનો હુકમ થયેલ.

(૧) આ કેસમાં આરોપી સામે ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) સદર કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે,ફરીયાદી જેતપુર તાલુકાના ઉમરાળી ગામે રહીએ છીએ અને આ કામના આરોપી બીલખા નવાગામ ખાતે રહે છે. ફરિયાદી તથા આરોપી વચ્ચે વર્ષોથી અંગત સારા સબંધો હોય આરોપીએ જાન્યુઆરી–૦૮ માં અંદાજીત પ્રથમ અઠવાડીયામાં ફરીયાદીને ત્યાં ઉમરાળી ગામે રુબરુ આવેલા અને આરોપીને પોતાના ધંધાકીય કામકાજ સબબ રોકડ રકમની જરૂરત પડતા આરોપીએ ફરીયાદી પાસે હાથ ઉછીના તરીકે રૂ.૭૦,૦૦૦–૦૦ અંકે રૂપીયા સીતેર હજાર માંગેલાં.ફરીયાદી પાસે તે વખતે રૂ.૫૫,૦૦૦–૦૦ અંકે રૂપીયા પંચાવન હજાર ની રકમ પોતાની અંગત બચતની પડેલ હોય જેથી ફરીયાદીએ આરોપીને રૂ.૫૫,૦૦૦–૦૦ અંકે રૂપીયા પંચાવન હજાર પુરાં રોકડાં, હાથ ઉછીના, વગર વ્યાજે આપેલાં. આ રકમ સ્વિકારીને આરોપીએ ફરીયાદીને જણાવેલ કે, પાંચેક માસમાં આ રકમ પરત ચુકવી આપીશ. ત્યારબાદ ફરીયાદીએ આરોપી પાસે ઉપરોકત રકમની ઉઘરાણી કરતા આરોપી પાસે ફરીયાદી ની કુલ બાકી લેણી રકમ રૂ.૫૫૦૦૦/– રૂપીયા પંચાવન હજારની ચુકવણી પેટે આરોપીએ બેન્ક ઓફ મહારાષ્ટ્ર જુનાગઢ શાખાનો રૂપીયાઃ– ૪૯,૦૦૦–૦૦ અંકે રૂપીયા ઓગણ પચાસ હજાર પુરા નો ચેક

નંબર–૨૫૦૦૭૬ તા. ૧૫–૭–૨૦૦૮ નો જે ફરીયાદીના નામનો આરોપીએ પોતાની સહી કરીને ઉમરાળી મુકામે આપેલ હતો.આ ચેક આપતા સમયે આરોપીએ ફરીયાદીને વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ કે, આ ચેક બેન્કમાં ખાતામા ભરવાથી ચેકની રકમ જરૂરથી પાસ થઈ જશે. જેથી આરોપીએ આપેલ વચન અને વિશ્વાસ ઉપર ભરોષો મુકી આરોપીએ ફરીયાદી જોગ ઈસ્યુ કરેલ ચેક ફરીયાદીએ તેમના ખાતા વાળી યુકો બેન્કની ગોંડલ શાખામા તેમના ખાતામાં ભરેલ. આ ચેકની રકમ નું કલીયરન્સ આરોપીના ખાતાવાળી બેન્કમાં થવા જતાં સદર ચેક ઈનસફીસીયન્ટ ફંડસ" ના શેરા વાળા તા.૨૩–૭–૨૦૦૮ નાં રોજના રીટર્નમેમા સાથે પાસ થયા વગર પાછો ફરેલો. આ ચેક બાઉન્સ થયાની જાણ ફરીયાદીને તેમના ખાતા વાળી બેંકે તા.૨૫–૭–૨૦૦૮ નાં પત્ર સાથે રીટર્નમેમો તથા અસલ ચેક પાસ થયા વગર રહેણાંકના સરનામે રજી.એ.ડી.પોષ્ટથી મોકલવામાં આવેલ અને જે રજી.એ.ડી.નું બેન્ક તરફથી મોકલવામાં આવેલ કવર ફરીયાદીને તા.૪–૮–૨૦૦૮ નાં રોજ જેતપુર તાલુકાના ઉમરાળી ગામે મળેલ.ત્યારથી ફરીયાદીને આ ચેક બાઉન્સ થયાની જાણ થયેલ.જેથી ફરીયાદીએ વકીલ સાહેબ મારફત તા. ૧૧–૮–૨૦૦૮ નાં રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળની કાનુની નોટીશ જે રજી.એ.ડી.પોષ્ટ તથા યુ.પી.સી.થી મોકલેલ. જે નોટીશ આરોપીને તા. ૧૪–૮–૨૦૦૮ નાં રોજ બજી ગયેલ છે. જેની પોષ્ટલ એ.ડી. ફરીયાદીના

વકીલ સાહેબને મળેલ છે. ફરીયાદી ની કાનુની નોટીશમાં કરવામાં આવેલ ડીમાન્ડ મુજબ ૧૫ દીવસની સમય મર્યાદામા આરોપી પાછા ફરેલા ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે અને ફરીયાદીની કાનુની નોટીશનો કોઈ જવાબ પણ આપેલ નથી.આ રીતે આરોપીનો ઈરાદો પ્રથમથી જ ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીડી કરવાનો હોય આરોપીએ ઈસ્યુ કરેલ ચેકની રકમ પાસ થવા પુરતી રકમ ઈરાદાપુર્વક પોતાના ખાતામા રાખી ન હોવાથી ચેક બાઉન્સ થતાં આરોપીએ થી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ:- ૧૩૮ હેઠળ સજા અને દંડને પાત્ર એવો ફોજદારી ગુનો કરેલ હોય જેથી આ ફરીયાદ આપ નામદાર કોર્ટમાં દાખલ કરવા કારણ ઉત્પન થયેલ છે.

આ ફરીયાદનું કારણ આ કામના આરોપી પોતે ફરીયાદીને ત્યાં જેતપુર તાલુકાના ઉમરાળી ગામે તેમનાં ઘરે આવી હાથ ઉછીની રકમની માંગણી કરતા આરોપીને ફરીયાદીએ હાથઉછીના, વગર વ્યાજે રોકડા રૂપીયા:-૫૫,૦૦૦-૦૦ આપ્યા ત્યારથી તથા તે રકમની ચુકવણી પેટે આ ફરીયાદ વાળો ચેક ઈસ્યુ કરી તે પાસ થઈ જશે તેવો ભરોષો આપ્યો ત્યારથી તથા સદર ચેક નાપાસ થાય તેવા બદઈરાદાથી આ ચેકની રકમ પાસ થવા પુરતી રકમ ઈરાદાપુર્વક તેનાં ખાતામાં ન રાખતા તે ચેક બાઉન્સ થયાની જાણ અમો ફરીયાદીનાં ખાતાવાળી બેન્ક તરફથી લેખીત પત્રથી ફરીયાદીના રહેણાંક ના સરનામે લેખીત પત્રથી કરવામાં આવતાં અને તે રીતે સદર ચેક પાસ થયા વગર પરત ફરતાં કાનુની નોટીશ

આપી બાઉન્સ થયેલ ચેકની રકમ નોટીશ મળ્યેથી દીવસ–૧૫ માં ચુકવી આપવા માંગણી કરતા સદર નોટીશ આરોપીને બજી જવા છતાં પણ આરોપીએ પાછા ફરેલ ચેકની રકમ ચુકવવા કોઈ દરકાર ન લેતાં હાલની આ ફરીયાદ કરવા કારણ ઉત્પન થયેલ છે.આ ફરીયાદવાળો નાણાની લેતીદેતીનો વ્યવહાર નામદાર કોર્ટની હકુમત વાળા જેતપુર તાલુકાના ઉમરાળી ગામે થયેલ છે.આ ચેક બાઉન્સ થયાની જાણ બેન્ક તરફથી ફરીયાદીના ઉમરાળીના રહેણાંકના સરનામે લેખીત પત્રથી કરવામાં આવેલ છે.જેથી આ ફરીયાદ ચલાવવા આપ નામદાર કોર્ટને હકુમત છે.

**સદરહુ ફરિયાદ લાવી ફરિયાદીએ દાદ માંગેલ છે કે,**

(એ) આ કામના આરોપીને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરાવી સખ્ત નશ્યત કરવા તેમજ ફરીયાદીને સ્પે.રકમનું વળતર અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ બનતો હોઈ ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરેલ છે જેના આધારે આરોપી હાજર રહેલ છે અને આંક–૨૩થી ગુના અંગે પ્લી લેતા તેઓએ ગુનો કબૂલ કરેલ નથી જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સદરહું આરોપી હાજર રહેતા ન હોય કે મળી આવતાં ન હોય જેથી તેઓની

સામેનો કેસ ડોરમેન્ટ ઉપર મુકવાનો હુકમ કરેલ અને આરોપી વિરુધ્ધ ફરતું વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ સદરહું કેસ ડોરમેન્ટ કેસમાંથી તા.૯/૩/૨૦૨૦ ના રોજ રેગ્યુલર કેસ તરીકે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

ત્યારબાદ તા.૩૦.૧૨.૨૦૨૪ ના રોજ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્રારા આ કામનાં આરોપી વિરુધ્ધ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

કેસનું રેકર્ડ વંચાણે લેતાં આંક -૬૩ થી રજુ દસ્તાવેજ વંચાણે લેતા નામદાર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢની કોર્ટમાં આ કામના ફરિયાદીએ આંક-૩૩ થી ચેક નં.૨૫૦૦૭૬ ના બદલે શરતચુકથી ટાઈપ મીસ્ટેકથી ૨૫૯૯૭૬ લખાઈ ગયેલ હોય રેકર્ડ મુજબ સુધારો કરવાની પરવાનગી અરજી રજુ કરવામાં આવેલ જે અરજી મંજુર કરી સુધારો કરવાની પરવાનગી આપવાનો હુકમ કરેલ.

(૪) સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ.</u>**

સદર કામે આ કામનાં ફરીયાદી તર્ફે અત્રેની કોર્ટ સમક્ષ ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ નથી અને અત્રેની કોર્ટ સમક્ષ સદર ફરીયાદીની ઉલટતપાસ થયેલ નથી. જે

સંદર્ભે બચાવપક્ષના વિ.વ.શ્રી.એલ.બી.જેઠવાનાઓને સરતપાસનાં સોગંદનામાં બાબતે જણાવતાં સદર વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે હાલની ફરીયાદ અન્ય કોર્ટમાંથી જુનાગઢ મુકામેથી ટ્રાન્સફર થઈને આવેલ છે. જેમાં નામ. જુનાગઢની કોર્ટમાં આ કામનાં ફરીયાદીએ સરતપાસ આપેલ હોય અને ફરીયાદીની ઉલટતપાસ આરોપીએ કરેલ હોય જેની સર્ટીફાઈડ નકલ આ કામે આંક–૬૨ થી રજુ છે. જે મુજબ ફરીથી ફરીયાદીનો મૌખીક પુરાવો આપવાની જરુર નથી તેવું જણાવેલ છે. વધુમાં આ અંગે ફરીયાદી તર્ફે આંક–૫૧થી અગાઉની કોર્ટમાં રજુ થયેલ તમામ પુરાવા કબુલ મંજુર છે અને કોઈ વિશેષ પુરાવો રજુ કરવો નથી તેવુ પુરશીસથી જાહેર કરેલ છે.

**દસ્તાવેજી પુરાવાઓ.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ચેક | ૨૯ |
| ૨ | રીટર્ન મેમો | ૩૦ |
| ૩ | રજી.એડી.પોસ્ટની રસીદ | ૩૧ |
| ૪ | રજી.એડી.મળી ગયાની પહોંચ | ૩૨ |
| ૫ | નોટીસ | ૩૮ |
| ૬ | ફોજદારી ફરીયાદ અરજી | ૫૭ |
| ૭ | ટ્રાન્સફર હુકમ | ૫૮ |
| ૮ | આંક–૦૧ નીચે હુકમ | ૫૯ |
| ૯ | પુરશીસ | ૬૦ |
| ૧૦ | દસ્તાવેજી લીસ્ટ | ૬૧ |
| ૧૧ | સરતપાસનું સોગંદનામું | ૬૨ |

| | | |
|---|---|---|
| ૧૨ | નામદાર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ , જૂનાગઢની કોર્ટમાં C.C. No 3059/14 ના કામે આ કામના ફરિયાદીએ આંક -૩૩ થી કરેલ અરજી તથા તે લગત થયેલ હુકમની સર્ટિફાઇડ નકલ | ૬૩ |
| ૧૩ | નામદાર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ , જૂનાગઢની કોર્ટમાં C.C. No 3059/14 ના કામે આ કામના ફરિયાદીએ આંક - ૩૯ થી કલોઝીંગ પુરશીસની સર્ટિફાઇડ નકલ | ૬૪ |

ફરિયાદી તરફે ઉપરોકત પૂરાવાઓ રજૂ થયા બાદ આંક-૫૧ થી કલોઝીંગ પુરશીસ આપેલ છે અને ત્યારબાદ આ કામનાં ફરીયાદી તર્ફે આંક-૫૪થી દસ્તાવેજોને આંક પાડવાની અરજી રજુ કરતાં હાલના કેસમા રજુ થયેલ દસ્તાવેજોને આંક-૫૭ થી આંક-૬૪ સુધીના આંક આપવામાં આવેલ છે.

(૫) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, આરોપી વિરુદ્ધ સદર કેસની કાર્યવાહી ક્રિમિનલ પ્રોસિજર કોડ ની કલમ ૨૯૯ મુજબ થયેલ હોય સદર કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ફરિયાદપક્ષે વિદ્ધાન વકીલશ્રી એલ.બી.જેઠવા નાઓએ મૌખિક દલીલો કરતા જણાવેલ છે કે, ફરિયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. વધુમાં સદર કામે નામ.જુનાગઢની અદાલતમાં આ કામનાં ફરીયાદીનો મૌખીક પુરાવો રજુ થઈ ગયેલ હોય અને બચાવપક્ષ તર્ફે ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદીની ફરીયાદની

હકીકત સંદર્ભે કે દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભે કોઈ ખંડન કરેલ નથી તે સંજોગોમાં આપ નામ.કોર્ટ સમક્ષ ફરીથી ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું રજુ કરવાની જરુરીયાત રહેતી નથી. વધુમાં અગાઉ નામ.કોર્ટે અમારી ચેકના નંબરમાં થયેલ ટાઈપીંગ મીસ્ટેકની ભુલને સુધારવા અંગે પરવાનગી આપવામાં આવેલ છે જેથી સદર ચેક આરોપીનો ન હોવા અંગે  બચાવપક્ષ તરફે કોઈ સચોટ બચાવ રજૂ થયેલ નથી. વધુમાં ફરિયાદી તરફે આંક-૨૯થી રજૂ ચેકને બચાવપક્ષ દ્વારા નકારવામાં આવેલ ન હોય અને ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ તમામ દસ્તાવેજી પૂરાવાઓને પણ નકારેલ ન હોય તેમજ આરોપીએ પોતે ફરિયાદીને ચેક આપેલ હોય અને તેમાં પોતાની સહીને પણ નકારેલ ન હોય આરોપીનું દેવું પુરવાર થાય છે. વધુમાં સદર કામે આરોપીએ ફરિયાદીની ફરિયાદનું ખંડન કરેલ નથી. આંક-૨૯થી રજૂ ચેકની વિગત કે સહીને નકારેલ નથી. વધુમાં જણાવેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ આ કામના ફરિયાદીને ચેકની રકમનું બમણુ વળતર અપાવવા અથવા તો  યોગ્ય વ્યાજ સાથે પરત અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૬.૧) સદરહુ કામ ઘણા સમયથી આરોપીની દલીલ પર હોય, પરંતુ આરોપી હાજર રહેતાં ન હોય અને આરોપી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ ન હોય, જેથી ફરિયાદપક્ષના વિદ્વાન વકીલશ્રી દ્વારા આંક-૫૩ અને ૫૫ થી આરોપીની દલીલનો હક્ક બંધ કરવા અંગેની

અરજી રજૂ થતાં, સદરહુ અરજી મંજૂર કરવામાં આવેલ અને આરોપીનો દલીલનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

//**મુદ્દા**//

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી પાસે હરીયાદી ની કુલ બાકી લેણી રકમ રૂ.૫૫૦૦૦/- રૂપીયા પંચાવન હજારની ચુકવણી પેટે આરોપીએ બેન્ક ઓફ મહારાષ્ટ્ર જુનાગઢ શાખાનો રૂપીયાઃ-૪૯,૦૦૦-૦૦ અંકે રૂપીયા ઓગણ પચાસ હજાર પુરા નો ચેક નંબર-૨૫૦૦૭૬ તા. ૧૫-૭-૨૦૦૮ નો જે ફરીયાદીના નામનો આરોપીએ પોતાની સહી કરીને ઉમરાળી મુકામે આપેલ હતો.આ ચેક આપતા સમયે આરોપીએ ફરીયાદીને વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ કે, આ ચેક બેન્કમાં ખાતામા ભરવાથી ચેકની રકમ જરૂરથી પાસ થઈ જશે. જેથી આરોપીએ આપેલ વચન અને વિશ્વાસ ઉપર ભરોષો મુકી આરોપીએ ફરીચાદી જોગ ઈસ્યુ કરેલ ચેક ફરીયાદીએ તેમના ખાતા વાળી ચુકો બેન્કની ગોંડલ શાખામા તેમના ખાતામાં ભરેલ. આ ચેકની રકમ નું કલીયરન્સ આરોપીના ખાતા વાળી બેન્કમાં થવા જતાં સદર ચેક

ઈનસફીસીયન્ટ ફંડસ" ના શેરા વાળા તા.૨૩–૭–૨૦૦૮ નાં રોજના રીટર્નમેમા સાથે પાસ થયા વગર પાછો ફરેલો. આ ચેક બાઉન્સ થયાની જાણ ફરીયાદીને તેમના ખાતા વાળી બેંકે તા.૨૫–૭–૨૦૦૮ નાં પત્ર સાથે રીટર્નમેમો તથા અસલ ચેક પાસ થયા વગર રહેણાંકના સરનામે રજી.એ.ડી.પોષ્ટથી મોકલવામાં આવેલ અને જે રજી.એ.ડી.નું બેન્ક તરફથી મોકલવામાં આવેલ કવર ફરીયાદીને તા.૪–૮–૨૦૦૮ નાં રોજ જેતપુર તાલુકાના ઉમરાળી ગામે મળેલ.ત્યારથી ફરીયાદીને આ ચેક બાઉન્સ થયાની જાણ થયેલ.જેથી ફરીયાદીએ વકીલ સાહેબ મારફત તા. ૧૧–૮–૨૦૦૮ નાં રોજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ:–૧૩૮ હેઠળની કાનુની નોટીશ જે રજી.એ.ડી.પોષ્ટ તથા યુ.પી.સી.થી મોકલેલ. જે નોટીશ આરોપીને તા. ૧૪–૮–૨૦૦૮ નાં રોજ બજી ગયેલ છે. જેની પોષ્ટલ એ.ડી. ફરીયાદીના વકીલ સાહેબને મળેલ છે. ફરીયાદી ની કાનુની નોટીશમાં કરવામાં આવેલ ડીમાન્ડ મુજબ ૧૫ દીવસની સમય મર્યાદામા આરોપી પાછા ફરેલા ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે અને ફરીયાદીની કાનુની નોટીશનો કોઈ જવાબ પણ આપેલ નથી. જેથી

આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

<u>//કારણો//</u>

**<u>મુદ્દા નં.૧, ૨.</u>**

(૦૯) આરોપી વિરુદ્ધ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ શિક્ષપાત્ર ગુનાનું તહોમત છે જે અંગેની ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ની જોગવાઈ લક્ષમાં લેતાં નીચે મુજબના આવશ્યક તત્વો ફરિયાદીની ફરિયાદમાં હોવા જોઈએ અને તેવી હકીકતો ફરિયાદીએ તેઓના પુરાવાથી પુરવાર કરવાની છે.

૧. કાયદેસરના લેણાની ચુકવણી પેટે આરોપી દ્વારા પોતાના ખાતાનો ચેક ઈસ્યુ કરવામાં આવેલ હતો.

૨. ચેક ફરિયાદી દ્વારા બેંકમાં રજૂ કરવામાં આવેલ હતો.

૩. ચેક બેંક માં રજૂ કરતાં, આરોપીની બેંક દ્વારા વણચુકવ્યો પરત આવેલ હતો.

૪. વણચુકવ્યો પરત ફરેલ ચેકની રકમ ચુકવવા માટે ચેકના ધારણકર્તા દ્વારા ચેક લખનારને આ કલમની જોગવાઈ મુજબની નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ હતી.

પ. ચેક લખનાર નોટિસ બજવા છતાં નિયત મુદતમાં ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૦) ઉપરોકત કાયદાકીય જોગવાઈ સિવાય ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં કલમ–૧૩૯માં ધારકની તરફેણમાં અનુમાન કરવા બાબત જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કેસના નિર્ણય માટે રજૂ પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે સંદર્ભે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને કલમ–૧૩૯ અંગે નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓથી સ્થાપિત સિદ્ધાંતો લક્ષમાં લેવા પડે જે અંગે નીચે મુજબના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા. ૨૦૧૦ એ.આઈ.આર.(એસ.સી)૧૮૯૮ રંગપ્પા વિ. શ્રી મોહનનો ચુકાદો માનસહ વંચાણે લેતાં, આ ચુકાદામાં નામદાર સપ્રિમ કોર્ટના પેરા–૧૪માં ઠરાવેલ છે કે, કલમ–૧૩૯માં કાયદેસરનું લેણું અસ્તિત્વમાં હતું તેવા અનુમાનનો સમાવેશ થાય છે. આરોપીએ કલમ–૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન માટેનો પુરાવો સંભાવનાની પ્રબળતા (પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી) હોય તેટલી કક્ષાનો આપવો પડશે અને તે માટે આરોપીએ પોતાનો પુરાવો આપવાની જરૂર નથી પરંતુ ફરિયાદી તરફે રજૂ પુરાવા પર આધાર રાખીને પણ બચાવ કરી શકે છે.

***ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં કલમ–૧૩૯ની જોગવાઈ નીચે મુજબ છે.***

139. Presumption in favour of holder.—

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section-138 for the discharge, in whole or in part, of any debt or other liability

**(૧૧)** મુદ્દા નંબર–૦૧ના નિર્ણય હેતુસર ઉપરોકત ચર્ચા કર્યા મુજબની કાયદાની જોગવાઈ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટના ચુકાદાથી સ્થાપિત સિદ્ધાંત અને તે અંગે પ્રસ્તુત કેસની હકીકત અને તે અન્વયે રજૂ પુરાવો લક્ષમાં લેવામાં આવેલ છે.

**(૧૨)** સદર કામે કેસનું રેકર્ડ વંચાણે લેતાં, અત્રેની કોર્ટમાં સદર કેસ રજુ થતાં તા.૭.૧૨.૨૦૨૧ ના રોજ આરોપીની આંક–૨૩ થી પ્લી લેવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વારંવાર ગેરહાજર રહેતાં ફરીયાદીના પુરાવાના સ્ટેજે મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબ દ્વારા તા.૩૦.૧૨.૨૦૨૪ ના રોજ આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તર્ફે આંક–૫૧ થી પુરશીસ રજુ કરી અગાઉની કોર્ટમાં રજુ થયેલ તથા અત્રેની કોર્ટ સમક્ષ રજુ થયેલ પુરાવાઓ કબુલ મંજુર છે તેવુ પુરશીસ થી જાહેર કરેલ છે અને તે રીતે સદર કેસની કાર્યવાહી ત્યારબાદ દલીલોનો સ્ટેજ ઉપર આવેલ છે. આમ, સદર કામે આ કામનાં ફરીયાદી તર્ફે અત્રેની કોર્ટ સમક્ષ ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું

રજુ થયેલ નથી અને અત્રેની કોર્ટ સમક્ષ સદર ફરીયાદીની ઉલટતપાસ થયેલ નથી. જે સંદર્ભે બચાવપક્ષના વિ.વ.શ્રી.એલ.બી.જેઠવા નાઓને સરતપાસનાં સોગંદનામાં બાબતે જણાવતાં સદર વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે હાલની ફરીયાદ અન્ય કોર્ટમાંથી જુનાગઢ મુકામેથી ટ્રાન્સફર થઈને આવેલ છે. જેમાં નામ. જુનાગઢની કોર્ટમાં આ કામનાં ફરીયાદીએ સરતપાસ આપેલ હોય અને ફરીયાદીની ઉલટતપાસ આરોપીએ કરેલ હોય જેની સર્ટીફાઈડ નકલ આ કામે આંક-૬૨ થી રજુ છે. જે મુજબ ફરીથી ફરીયાદીનો મૌખીક પુરાવો આપવાની જરુર નથી તેવું જણાવેલ છે.

ઉપરોકત બાબતે બચાવપક્ષના વકીલની રજુઆત સંદર્ભે કેસનું રેકર્ડ વંચાણે લેતાં આંક-૦૧ લગત સદર ફરીયાદ ફરીયાદીને પરત કરવા તથા કેસ ટ્રાન્સફર કરવા અંગે અગાઉ દર્શાવ્યા મુજબ વિગતવાર હુકમો થયેલ છે. જે મુજબ સદર ફરીયાદ તા.૯/૯/૨૦૦૮ ના રોજ દાખલ થયેલ છે અને સદર હુકમોના અનુસંધાને સદર કેસના ફો.કે.નં.૧૨૪૫/૨૦૦૮, ફો.કે.નં. ૩૦૫૯/૨૦૧૪ અને ત્યારબાદ ફો.કે.નં.૧૯૪૦/૨૦૧૫ આ રીતે કેસ નોંધાયેલા છે. હવે જયારે અન્ય હકુમત ધરાવતી નામ.કોર્ટમાંથી સદર ફરીયાદ ટ્રાન્સફર થઈને કે ફરીયાદીને પરત આપીને ટ્રાયલ ચલાવતી કોર્ટમાં દાખલ થાય છે ત્યારે સદર કેસની કાર્યવાહી નવેસરથી (De NOVO) કરવાની રહે છે. જે બાબતે ફરીયાદીના વિ.વ.શ્રીને ઘ્યાન દોરતાં ફરીયાદીના વિ.વ.શ્રીએ ઉપરોકત

જણાવ્યા પ્રમાણે નામ.જુનાગઢની અદાલતમાં મૌખીક પુરાવો રજુ થયેલ હોય જેથી ફરીથી રજુ કરવાની જરૂર નથી તેવું જણાવી તેની સર્ટીફાઈડ નકલ આંક-૬૨ થી રજુ કરેલ છે. જયારે સદર કેસનું રેકર્ડ વંચાણે લેતાં ફરીયાદી તર્ફે જયારે ફરીયાદીની સરતપાસ અને ઉલટતપાસની સર્ટીફાઈડ નકલ રજુ કરેલ છે ત્યારે સદર જુબાનીની અસલપ્રત અંગે કોઈ ખુલાસો કરેલ નથી કે સદર જુબાનીની અસલ પ્રત રેકર્ડમાં જોવા મળેલ નથી. વધુમાં જયારે સદર ફરીયાદની ટ્રાયલ નવેસરથી ચલાવવાની હોય તે સંજોગોમાં ફરીયાદી તર્ફે મૌખીક પુરાવો આપેલ ન હોય અને પોતાની દલીલોને વળગી રહેલ હોય તે સંજોગોમાં ફરીયાદી તર્ફે મૌખીક પુરાવો જે આંક-૬૨થી સર્ટીફાઈડ કોપી રજુ કરેલ છે તેને ગણવાની બચાવપક્ષની દલીલ ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

(૧૩) હવે જયારે ફરીયાદી તર્ફે મૌખીક પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ રજુ થયેલ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળતું નથી. વધુમાં આંક-૩૮ વાળી નોટીસ વંચાણે લેતાં સદર નોટીસમાં આ કામનાં ફરીયાદીએ આરોપીને ચેક નં..**૨૫૯૯૭૬** ના ચેકમાં જણાવેલ રકમ બાબતની નોટીસ ઈસ્યુ કરેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદમાં પણ સદર ચેક થી આ કામનાં ફરીયાદીએ આરોપી સામે ફરીયાદ દાખલ કરેલ છે. ત્યારબાદ ફરીયાદીએ આંક-૩૩.થી ચેક નં.૨૫૦૦૭૬ ના બદલે શરતચુકથી

ટાઈપ મીસ્ટેકથી ૨૫૯૯૭૬ લખાઈ ગયેલ હોય રેકર્ડ મુજબ સુધારો કરવાની પરવાનગી અરજી રજુ કરેલ જે નામદાર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, જૂનાગઢની કોર્ટમાં c.c no 3059/14ના કામે સદર અરજી મંજુર થયેલ છે. પરંતુ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ની કાર્યવાહી સંદર્ભે જયારે આ કામનાં ફરીયાદીએ આરોપીને જે નોટીસ આપવામાં આવેલ તેમાં આંક-૨૯ વાળા ચેકનો નંબર કે જે ૨૫૦૦૭૬ છે તેના બદલે ૨૫૯૯૭૬ નંબરના ચેક બાબતે નોટીસ મોકલેલ છે જેથી નોટીસ અને ફરીયાદમાં ચેકનો નંબર ખોટો લખાયેલ હોય અને ચેક નં.૨૫૦૦૭૬ ના ચેક અંગેની નોટીસ આ કામનાં આરોપીને બજેલી ન હોય જેથી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૩૮ ના તમામ તત્વો સંતોષાતા નથી. જેથી જયારે પ્રથમથી જ ફરીયાદી તર્ફે ખોટા ચેક નંબરની નોટીસ આ કામનાં આરોપીને ઈસ્યુ કરવામાં આવેલ અને તે જ નંબરના ચેકથી ફરીયાદ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ બચાવપક્ષ તર્ફે સદર ચેક નંબરમાં સુધારો કરવા માત્રથી સદર ફરીયાદ અને નોટીસ આરોપી વિરુધ્ધ ફરીયાદ ચલાવવા પુરતી ટકવા પાત્ર રહેતી નથી. વધુમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ નામ.એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ કોર્ટ જુનાગઢ ના ફરીયાદી તર્ફે રજુ કરેલ આંક-૫૯ થી રજુ સર્ટીફાઈડ હુકમ તથા આંક-૦૧ લગત અસલ હુકમ વંચાણે લેતાં, નામ.કોર્ટે પોતાને હકુમત ન હોય તે કારણસર સદર ફરીયાદ ફરીયાદીને પરત આપવાનો હુકમ કરેલ હોય

અને ત્યારબાદ અત્રેની કોર્ટમાં સદર ફરીયાદ આવતાં નવેસરથી ફરીયાદની તમામ કાર્યવાહી તથા ટ્રાયલ ચલાવવાની હોય અને નવેસરથી પુરાવા રજુ કરવાના હોય પરંતુ આ કામનાં ફરીયાદીએ હાલના કામે અગાઉ ચર્ચા કરી તે મુજબ સરતપાસનું સોગંદનામું રજુ કરેલ ન હોય તે સંજોગોમાં ફકત દસ્તાવેજી પુરાવાના આધારે આ કામનાં આરોપી વિરુધ્ધ પુરાવાનું મુલ્યાંકન કરી શકાય નહી.

(૧૪) આમ, આ તમામ સંજોગોને ધ્યાને લેતાં આ કામનાં આરોપીને પ્રથમથી જ ખોટા નંબરના ચેક વાળી નોટીસ મોકલવામાં આવેલ હોય અને તેજ નંબરની ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય અને ફરીયાદી તર્ફે અત્રેની કોર્ટમાં ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ ન હોય અને પોતાની ખાનગી ફરીયાદની કાર્યવાહીમાં આ કામનાં આરોપી વિરુધ્ધ રજુ કરવા પુરતો પુરાવો રજુ કરેલ ન હોય તે સંજોગોમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ ના તમામ તત્વો પુરવાર થતાં નથી અને ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ મુજબ ફરીયાદીએ પોતાનો મૌખીક પુરાવો કે સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ ન હોય તે સંજોગોમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૯ ના અનુમાનો ફરીયાદીની તરફેણમાં રહેતાં ન હોય અને આ રીતે પ્રથમથી જ કાયદેસરના લેણા અંગેની હકીકત પુરવાર થતી ન હોય આંક-૩૮ વાળી નોટીસ પ્રથમથી જ ખામીયુકત હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**C.C.No.** 1940/2015.
(Old C.C.No.3059/2014, C.C.No.1245/2008)

## //હુકમ//

**૧.** આ કામના આરોપી અશ્વિનભાઈ ભાણજીભાઈ બારૈયા(ખાંટ) ઉ.વ.પુખ્ત, મું.બીલખા નવાગામ તા.બીલખા જી.જુનાગઢનાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૫૫(૧) મુજબ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ફોજદારી કાર્યરીતી સંહિતા-૧૯૭૩ ની કલમ ૨૯૯ સાથે વાંચતા કલમ-૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૧, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૧/૦૩/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જેતપુર.**
**UIC-GJ**01563.

type by K.m.v.guj.steno.